For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## કાગળ પર જ સ્વચ્છ બતાવવાને બદલે સ્વચ્છતા સર્વેક્ષણના અધિકારીઓ આ ફોટા પર નજર પણ કરતાં જજો....



















■ સુરતને સ્વચ્છતામાં નં.1 મળે છે પરંતુ તે વાસ્તવિક નહીં પરંતુ કાગળ પરનું જ સત્ય છે. સુરતમાં જ્યાં જુવો ત્યાં ગંદકી જોવા મળે છે. સુરતના આ કેટલાક વિસ્તારોના ફોટા છે કે જ્યાં પારાવાર ગંદકી જોવા મળી રહી છે. સ્વચ્છતા સર્વેક્ષણના અધિકારીઓ હાલમાં સુરતમાં છે ત્યારે જો આ ફોટા પર પણ દ્રષ્ટિ કરશે તો સુરતની હાલત તેમને ખબર પડી જશે. આ ફોટા પરથી તંત્રને પણ જાણ થશે કે સુરતમાં ખરેખર સફાઈ થતી જ નથી. **(ત.: હેમંત ડેરે)**

### સુરત બન્યું ‘ડોગ ટેરર સિટી’ !

# દર મહિને હજારો લોકો બને છે રખડતાં કૂતરાંનો શિકાર



**સચિન** GIDC બાદ હવે આખું શહેર ભયમાં; બાળકો, વૃદ્ધો અને કામદારો સૌથી વધુ નિશાને

સુરતઃ શહેરમાં રખડતાં કૂતરાંનો આતંક હવે ગંભીર જાહેર સમસ્યામાં ફેરવાઈ ગયો હોવાનું સામે આવી રહ્યું છે. શહેરના રસ્તા, સોસાયટીઓ, ઉદ્યોગ વિસ્તારો અને રહેણાક વિસ્તારોમાં રખડતાં કૂતરાંનાં ટોળાં બેકાબૂ બનતાં સામાન્ય નાગરિકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે. થોડાક દિવસો પહેલા સચિન જીઆઈડીસી વિસ્તારમાં માત્ર 24 કલાકમાં 20થી વધુ લોકોને કૂતરાંએ બચકાં ભર્યાં હતાં. આ ઘટનાએ શહેરભરમાં ચકચાર મચાવી હતી. પરંતુ હવે નવી સિવિલ હોસ્પિટલમાંથી સામે આવેલા આંકડાઓએ સ્થિતિ કેટલી ભયજનક બની ગઈ છે તેની ગંભીર તસવીર રજૂ કરી છે.

મળેલી માહિતી મુજબ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા પાંચ મહિનાથી દર મહિને એક હજારથી વધુ લોકો ડોગ બાઈટના કેસમાં સારવાર માટે પહોંચી રહ્યા છે. ચોંકાવનારી બાબત એ છે કે, આ આંકડો માત્ર પ્રથમ રસી ડોઝ લેવા આવેલા દર્દીઓનો છે. રેબિઝ વિરોધી રસીના બીજા, ત્રીજા અને અનુસંધાન ડોઝ લેવા આવતા દર્દીઓને ઉમેરવામાં આવે તો દર્દીઓની સંખ્યા અનેકગણી વધી જાય છે. માત્ર નવી સિવિલ જ નહીં, પરંતુ સ્મીમેર હોસ્પિટલ તેમજ શહેરની અન્ય સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં પણ મોટી સંખ્યામાં ડોગ બાઈટના

...અનુસંધાન પાના 5 પર

**રસીકરણ ખસીકરણના નાટકના આંકડા**

| વર્ષ | પકડેલા શ્વાન | ઓપરેશન કરેલા શ્વાન | મુક્ત કરેલા શ્વાન |
|---|---|---|---|
| 2021-22 | 3,962 | 3,605 | 3,708 |
| 2022-23 | 10,255 | 9,279 | 9,830 |
| 2023-24 | 18,605 | 16,862 | 18,059 |
| 2024-25 | 19,053 | 17,870 | 18,576 |
| 2025-26 | 11,239 | 9,585 | 10,869 |
| 2026-27 | 1,815 | 1,684 | 1,772 |
| **કુલ** | **64,929** | **58,885** | **62,814** |

### સચિન GIDCમાં 11 વર્ષની બાળકીનો પગ પકડી બીજા માળેથી નીચે ખેંચી લાવ્યો

**બનાવ:1** સચિન GIDC વિસ્તારમાં રખડતાં કૂતરાંનો આતંક અટકવાનું નામ લેતો નથી. છેલ્લા 24 કલાકમાં 20થી વધુ લોકોને બચકાં ભરવાની ઘટનાના સમાચાર બાદ હવે વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. બરફ ફેક્ટરી વિસ્તારમાં 11 વર્ષની બાળકી પર કૂતરાએ જીવલેણ હુમલો કરતાં સમગ્ર વિસ્તારમાં ફરી ભય અને ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. મળતી માહિતી મુજબ બરફ ફેક્ટરી વિસ્તારમાં રહેતી 11 વર્ષની કોમલ કામતા નિષાદ પર કૂતરાએ અચાનક હુમલો કર્યો હતો. જણાવાય છે કે, બાળકી બીજા માળે હતી ત્યારે કૂતરાએ તેના ડાબા પગને મોંમાં પકડી લીધો અને તેને નીચે સુધી ખેંચી લાવ્યો હતો. હુમલામાં બાળકી ગંભીર રીતે ઇજાગ્રસ્ત બનતાં પરિવારજનોમાં હાહાકાર મચી ગયો હતો. ઇજાગ્રસ્ત કોમલના પિતા મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે અને પરિવાર મૂળ ઉત્તર પ્રદેશનો વતની હોવાનું જાણવા મળ્યું છે. બાળકીની સારવાર માટે તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે નવી હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પડી હતી.

### સુરત નજીક પીપોદરામાં અઢી વર્ષના માસૂમના ગાલમાંથી માંસનો લોચો નીકળી ગયો



સુરત નજીક પીપોદરા વિસ્તારમાં બુધવારે સવારે આશરે 9 વાગ્યાના સમયે શિવાની પાઇપ ફેક્ટરીમાં અઢી વર્ષના માસૂમ બાળક પર કૂતરાએ જીવલેણ હુમલો કર્યો હતો. મળતી માહિતી મુજબ ફેક્ટરીમાં મજૂરીકામ કરતા

**બનાવ:2** નિલેશભાઈનો અઢી વર્ષનો દીકરો પ્રિયાંશ ફેક્ટરીની અંદર રૂમ પાસે રમી રહ્યો હતો. દરમિયાન અચાનક એક હડકાયું કૂતરું દોડી આવ્યું અને બાળકના ચહેરા પર હુમલો કરી દીધો હતો. કૂતરાએ બાળકના ગાલે બચકું ભરતાં માંસનો લોચો નીકળી ગયો હતો. આ ઘટનાને પગલે પરિવારજનોમાં ચીસો અને અરેરાટી મચી ગઈ હતી. બાળકના પિતા નિલેશભાઈએ

...અનુસંધાન પાના 5 પર

# ટ્રાફિક જામ નિવારવા ડુમસ સી ફેસ જવાના બે રસ્તા પહોળા કરાશે

**આ** બે રસ્તામાં એરપોર્ટથી કુવાડા જંક્શન સુધીનો રસ્તો પહોળો કરી તેની પર બ્યુટિફિકેશન પણ કરાશે

**ભીમપોર** બે ફાંટાથી લંગર સુધીના રસ્તાને પણ 60 મીટર પહોળો કરાશે, હાલમાં ડિમોલિશન ચાલી રહ્યું છે

સુરતઃ ડુમસ ખાતે નવા બનાવવામાં આવેલા સી ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ સુધી સરળતાથી જઈ શકાય તે માટે

...અનુસંધાન પાના 5 પર

### એરપોર્ટથી લંગર સુધીનો રસ્તો પહોળો કરીને તેને આઈકોનિક બનાવવામાં આવશે

ડુમસ રોડ પર એરપોર્ટથી શરૂ કરીને લંગર સુધીના રસ્તાને પણ પહોળો કરવામાં આવશે અને તેને આઈકોનિક રોડ બનાવવામાં આવશે. હાલમાં ડુમસ રોડ પર ઓએનજીસી બ્રિજથી એરપોર્ટ સુધીના રસ્તાને પહોળો કરવાની સાથે તેનું બ્યુટિફિકેશન પણ કરી દેવામાં આવ્યું છે. આવી જ રીતે એરપોર્ટથી ડુમસ તરફના રોડનું પણ ભવિષ્યમાં બ્યુટિફિકેશન કરવામાં આવશે.

### એરપોર્ટના વિસ્તરણની સંભાવનાથી એરપોર્ટ બાઉન્ડ્રીથી ભીમપોર સુધીનો રસ્તો 60 ફુટનો બની રહ્યો છે

એરપોર્ટના ભવિષ્યના વિસ્તરણને ધ્યાનમાં રાખીને હાલમાં એરપોર્ટની બાઉન્ડ્રીથી ભીમપોર ગેટ સુધીના 1800 મીટર રોડને પણ 42 કરોડ રૂપિયાના ખર્ચે 60 મીટર પહોળો કરવાની અને સીસી રોડ બનાવવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. આ રસ્તો ડેવલપ થતાં જ વાંટા, ડુમસ, ભીમપોર, ગવીયર, સચિન, સુલતાનાબાદ, મગદલ્લાને નેશનલ હાઈવેની કનેક્ટિવિટી મળશે.

# ડોક્ટર પર જીવલેણ હુમલો કરનાર શિક્ષકને 10 વર્ષની સજા

**પત્નીની** વજન ઘટાડવાની ટ્રીટમેન્ટ બરાબર નહીં થઈ હોવાનું કહી લોખંડની આરીથી હુમલો કર્યો હતો

સુરતઃ પત્નીની વજન ઘટાડવાની ટ્રીટમેન્ટ બરાબર કરી નથી એમ કહી ડભોલીનાં ડોક્ટર પર જીવલેણ હુમલા કરનાર શિક્ષકને સેશન્સ કોર્ટે ૧૦ વર્ષની સજા ફટકારી હતી.

આ કેસની હકીકત મુજબ વેડરોડ ડભોલી શ્રીજી સોસાયટી વિભાગના નાકે શાયોની ક્લિનિક ધરાવતાં ડો. અજયભાઈ નરસિંહભાઈ મોરડીયાએ કતારગામ પોલીસ સ્ટેશને આરોપી મનોજ ગોરધનભાઇ દુધાતરા (રહે., પુષ્કર એપાર્ટમેન્ટ, યોગી ચોક, પુણા ગામ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. તા.૦૨/૧૨/૨૦૨૦ નાં રોજ આરોપી મનોજ વજન ઉતારવા માટેની ટ્રીટમેન્ટ માટે ડોક્ટરના ક્લિનિક પર આવ્યો હતો. આરોપીએ પોતે પી.પી.સવાણી સ્કૂલ અબ્રામા ખાતે શિક્ષક તરીકે નોકરી કરતાં હોવાનું ફરીયાદીને જણાવ્યું હતું. ફરીયાદીએ આરોપીને વજન ઉતારવા માટેની ટ્રીટમેન્ટ સમજાવી હતી. પાંચ હજારની ફી કહેતા આરોપીએ એટીએમમાંથી ઉપાડીને આવું એમ કહી દસ મિનિટ પછી આવી ફરિયાદી સાથે ઝઘડો કરી પાંચ વર્ષ પહેલાં મારી પત્નીની ટ્રીટમેન્ટ કરી હતી, જેનાંથી કશો ફરક પડ્યો નથી, તેમ કહી ફીનાં પૈસાની માંગણી કરી લોખંડની આરીથી ડોક્ટરનાં ગળાનાં ભાગે ઘા ઝીંકી જીવલેણ હુમલા કરી કાતરથી આંગળીનાં ભાગે ઈજા પહોંચાડી હતી. જે બાદ મોબાઈલ ફોન અને પર્સ ઝૂંટવી નાસી ગયો હતો. કતારગામ પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષે સરકારી વકીલ દિપેશ દવે કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી મનોજને ૧૦ વર્ષની સજા અને

...અનુસંધાન પાના 5 પર

### 2024 બાદ હવે 2026માં પણ મેમાં તાપમાન 42 ડિગ્રી પાર

# સુરતમાં મે મહિનાનું તાપમાન ચિંતાજનક રીતે વધી રહ્યું છે

**છેલ્લાં** દસ વર્ષમાં ૪૦થી વધુ તાપમાનના ૧૫ દિવસ

**૨૦૨૬માં** મે મહિનામાં બે વખત તાપમાન ૪૨ ડિગ્રી ક્રોસ કરી ગયું

સુરતઃ સુરત શહેરમાં મે મહિનાની ગરમી વર્ષ પ્રતિ વર્ષ વધુ આક્રમક બની રહી હોવાનું છેલ્લા દસ વર્ષના તાપમાનના આંકડાઓ પરથી સ્પષ્ટ બન્યું છે. શહેરમાં ૨૦૧૭થી ૨૦૨૬

...અનુસંધાન પાના 5 પર

**સુરતમાં મે મહિનાની ગરમીનો દસ વર્ષનો ટ્રેન્ડ**

| વર્ષ | 40+ | 41+ | 42+ |
|---|---|---|---|
| 2017 | 1 | 2 | 0 |
| 2018 | 1 | 1 | 1 |
| 2019 | 1 | 1 | 1 |
| 2020 | 3 | 2 | 0 |
| 2021 | 1 | 0 | 0 |
| 2022 | 2 | 1 | 0 |
| 2023 | 1 | 0 | 1 |
| 2024 | 4 | 2 | 1 |
| 2025 | 0 | 0 | 0 |
| **2026** | **1** | **2** | |

### સુરતમાં હીટ આઈલેન્ડ ઇફેક્ટ અસરકારક

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ સુરત શહેરમાં સતત વધી રહેલું શહેરીકરણ, કોંક્રિટના માળખાં, વૃક્ષોની ઘટતી સંખ્યા અને વાહનોમાંથી નીકળતી ગરમીને કારણે ‘હીટ આઇલેન્ડ ઇફેક્ટ’ વધુ અસરકારક બન્યો છે. તેની અસરરૂપે બપોરના સમયે શહેરમાં તાપમાન સામાન્ય કરતાં વધુ અનુભવાઈ રહ્યું છે.

### ૨૦૨૫માં એકપણ વખત ૪૦ ડિગ્રી પાર નથી ગયું

૨૦૨૫ એકમાત્ર એવું વર્ષ રહ્યું હતું જેમાં મે મહિનામાં એકપણ વખત તાપમાન ૪૦ ડિગ્રીને પાર ગયું નહોતું. બીજી તરફ ૨૦૨૦માં ત્રણ વખત ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાતા તે વર્ષ પણ ગરમી માટે નોંધપાત્ર રહ્યું હતું.

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

# સુરતમાં બોમ્બ પ્લાન્ટ કરનાર 32ને ફાંસી થઈ છે

**2008માં** સુરતમાં 29 બોમ્બ પ્લાન્ટ કર્યા હતા

**ચિપ્સની** ખામીના કારણે એકપણ ફૂટ્યો જ નહીં

ગુજરાતમિત્ર વિશેષ




**આજે એન્ટિ ટેરરિઝમ ડે**

સુરતઃ 2008ના વર્ષમાં 27 જુલાઈએ સુરતમાંથી બોમ્બ મળવાનો પ્રારંભ થયો હતો. પહેલો બોમ્બ સિટી લાઈટ રોડ પરથી મળ્યો હતો. કુલ 29 બોમ્બ સુરતમાં પ્લાન્ટ કરાયા હતા. પણ ચીપ્સમાં ખામી રહી જતાં એક પણ બોમ્બ ફૂટ્યો ન હતો. આ અંગે કુલ 15 ગુના નોંધાયા હતા. જેમાં કુલ 66 આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જેમાંથી 56ને સજા થઈ હતી. 23 નિર્દોષ ઠર્યા હતા. 56માંથી 32ને ફાંસીની અને 11ને અંતિમ શ્વાસ સુધી જેલની સજા ફટકારવામાં આવી હતી. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા પણ સુરતમાં બ્લાસ્ટ ન થયા કારણ કે અમદાવાદમાં ચીપ્સનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. ત્યાં ટાઈમર ઘડિયાળનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જ્યારે સુરતમાં જે બોમ્બ કરવામાં આવ્યા તેમાં ચીપ્સનો ઉપયોગ કરવામાં આવ્યો

...અનુસંધાન પાના 5 પર

### બે હોસ્પિટલ ઉડાવવા વિસ્ફોટક ભરેલી કાર પાર્ક કરાઇ હતી

આ આંતકી કૃત્યમાં ટાર્ગેટ પર વરાછા અને કાપોદ્રા વિસ્તાર હોવાનું તપાસમાં ફલિત થયું હતું. કારણ કે કુલ 29 બોમ્બ મળ્યા તેમાંથી 15 કરતા વધુ બોમ્બ વરાછા અને કાપોદ્રા વિસ્તારમાં પ્લાન્ટ કરવામાં આવ્યા હતા. આટલું જ નહીં પણ આ વિસ્તારમાં બોમ્બ બ્લાસ્ટ થયા પછી ઇજાગ્રસ્તો જે હોસ્પિટલ પર જવાની શક્યતા હતી તેવી બે જગ્યાએ પાર્કિંમાં બે કાર વિસ્ફોટક સામગ્રી સાથે રાખવામાં આવી હતી. જેમાં પૂણા જનરલ હોસ્પિટલ અને હીરાબાગ સ્થિત ડોક્ટર હાઉસના પાર્કિંગમાં વિસ્ફોટકો સાથેની કાર પાર્ક કરવામાં આવી હતી. બન્ને કારમાં મળી 40 બોમ્બ બની શકે તેટલી વિસ્ફોટક સામગ્રી હતી.

### સિટીલાઇટ રોડ પરથી મળેલો પહેલો બોમ્બ સફાઇ કર્મી ઘરે લઇ ગયો હતો

પોલીસની તપાસમાં એવી પણ હકીકત પ્રકાશમાં આવી હતી કે આતંકીઓએ 48 કલાકમાં 29 બોમ્બ પ્લાન્ટ કર્યા હતા. જેમાંથી બે દિવસ અગાઉ પ્લાન્ટ કરેલા બોમ્બમાં 48 કલાકનો અને એખ દિવસ અગાઉ પ્લાન્ટ કરેલા બોમ્બમાં 24 કલાકનો સમય સેટ કરવામાં આવ્યો હતો. અમદાવાદની જેમ જ સુરતમાં પણ સાંજે સાત વાગ્યા પછી બોમ્બ બ્લાસ્ટ થાય તે રીતની તૈયારી હતી. પહેલો બોમ્બ સિટીલાઇટ રોડ પરથી મળ્યો હતો જે સફાઇ કર્મચારી ઘરે લઇ ગયો હતો.

### એક અધિકારી PSIથી એસીપી સુધી આ ગુનાના સાક્ષી

2008ના વર્ષમાં જ્યારે સુરતમાંથી બોમ્બ મળ્યા ત્યારે ક્રાઇમ બ્રાંચમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા આર.આર. સરવૈયા તપાસ ટીમમાં સામેલ હતા. જ્યારે તમામ આરોપીઓની સામે ચાર્જશીટ કરી કેસ ચલાવવાનો વખત આવ્યો ત્યારે આર.આર. સરવૈયા સુરત ક્રાઈમ બ્રાંચમાં મદદનીશ પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવતા હતા. એટલે કે આ ગુનાના અથ:થી ઇતિ સુધીના જાણકાર તરીકે સરવૈયાનો અનુભવ કામ લાગ્યો હતો.

**સુરતમાં 15 ગુના નોંધાયા હતા**

અલગ અલગ વિસ્તારમાંથી બોમ્બ મળ્યા તે ઘટના સંદર્ભે અલગ અલગ પોલીસ મથકમાં ગુના નોંધાયા હતા. જેમાં વરાછા પોલીસ મથકમાં 5, કાપોદ્રામાં 4, કતારગામમાં 2, મહિધરપુરામાં 2, ડીસીબીમાં 1 અને ઉમરા પોલીસ મથકમાં એક ગુનાનો સમાવેશ થાય છે.

**અમદાવાદમાં 20 ગુના, 56નાં મોત**

અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થતાં કુલ 56 નિર્દોષ લોકોનાં મોત થયાં હતાં. અમદાવાદમાં કુલ 20 ગુના નોંધાયા હતા. જેમાં 78 આરોપીઓ પકડાયા હતા. જેમાંથી 37 આરોપીઓને ફાંસીની અને 12ને અંતિમ શ્વાસ સુધીની સજા ફરમાવવામાં આવી હતી.

પાંચમી પુણ્યતિથિએ પ્રેમભરી
શ્રદ્ધાંજલિ



સંતાનો અને માતાનો
સંબંધ અતૂટ છે.
વય સમય કે દેહ વિલય
કશું જ એને તોડી ન શકે
‘માં’
તુ સદા સદેહ છત્ર બનીને
જીવી હવે દુર રહી
સ્વર્ગમાંથી તારા સ્નેહભીના
આશિષ, તારી હુંફ,
તારે વ્હાલ સતત સંસારની
તડકી છાંયડી
‘માં’
અમારી સાથે જ રહેશે.

સ્વ. મીનાક્ષીબેન જ્યોતીન્દ્ર લેખડિયા
સ્વ.તા. ૨૧-૦૫-૨૦૨૧

લિ.
સ્વ. જ્યોતીન્દ્ર ભગવાનદાસ લેખડિયા
ગાર્શિલ જ્યોતીન્દ્ર લેખડિયા (પુત્ર) – માયા ગાર્શિલ લેખડિયા (પુત્રવધુ)
કેતન જ્યોતીન્દ્ર લેખડિયા (પુત્ર) – જ્યોતિ કેતન લેખડિયા (પુત્રવધુ)
જસ્મીન જ્યોતીન્દ્ર લેખડિયા (પુત્ર) – નીતા જસ્મીન લેખડિયા (પુત્રવધુ)
ઈલા નલીનકુમાર કડીવાલા (પુત્રી)
તથા સમગ્ર ભગવાનદાસ લેખડિયા પરિવાર

અમારા વ્હાલા પપ્પાને
૧૭મી પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. પ્રવિણચંદ્ર નગીનદાસ ઘીવાલા
(વોરપીગવાલા)
સ્વ. તા. ૨૧/૦૫/૨૦૦૯

જીવન એવું જીવી ગયા કે સૌ જોયા કરે, સત્કર્મ એવાં કર્યા કે સૌનાં હૃદયમાં ગુંજ્યાં કરે. દુ:ખથી ડર્યા નહીં, ફરજ અને વ્યવહાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં, સતત સખત પરિશ્રમ કરી સારા સંસ્કાર આપી, જીવન જીવવાની સાચી કલા શીખવી ગયા, સુખ દુ:ખમાં સદાય હસતા રહ્યા, તમારો નીડર અને પરોપકારી આત્મા સદા અમારાં હૃદયમાં અમર રહેજો. પ્રભુ આપના પવિત્ર અને પુણ્યશાળી દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે. એ જ પ્રાર્થના સહ... ૐ શાંતિ...

લિ. ગં.સ્વ. મંજુલાબેન પ્રવિણચંદ્ર ઘીવાલા
પરિમલ પ્રવિણચંદ્ર ઘીવાલા | નલીની પરિમલ ઘીવાલા
મેહુલ પ્રવિણચંદ્ર ઘીવાલા | શાનુ મેહુલ ઘીવાલા
હર્ષા નિલેષકુમાર શ્રોફ | બીના પ્રવિણચંદ્ર ઘીવાલા
સપન પરિમલ ઘીવાલા | પાયલ સપન ઘીવાલા
શીખા પાર્થકુમાર બીસ્કીટવાલા
રિશી-દિશા-વત્સલ-મીત તથા
સમસ્ત ઘીવાલા પરિવાર (પ્રવિણ ઈન્ડસ્ટ્રીઝ) વોરપીગવાલા

૧૦ મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. ભરતકુમાર સુમંતરાઈ દેસાઈ
(સ્વ.તા. ૨૧/૦૫/૨૦૧૬) સુરત ગામ : ઊંટડી

જીવન એવું જીવ્યા કે, જોનારા જોયા કરે, કર્મ સદાયે એવાં કર્યાં કે, સૌના હૃદયમાં ગુંજયા કરે, દુ:ખથી કદી ડર્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહીં, દાયકો વીતી ગયો, પણ અમારા હૃદયમાંથી આપની યાદ જરાય ઝાંખી થઈ નથી. હજી ઘણી જરૂર હતી તમારી, પણ તમે દુર થઈ ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
મીરાંબહેન ભરતકુમાર દેસાઈ (પત્ની)
દિનકર સુમંતરાઈ દેસાઈ (ભાઈ)
રોની ભરતકુમાર દેસાઈ (પુત્ર)
સ્નેહા રોની દેસાઈ (પુત્રવધૂ)

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. રણછોડભાઈ ધનજીભાઈ પટેલ
સ્વ. તા. ૨૧/૦૫/૨૦૨૫

જીંદગી મળવી એ નસીબ છે. મૃત્યુ એ જીવનનું સત્ય છે. મૃત્યુ પછી પણ સૌના જીવનમાં જીવતા રહેવું એ જીંદગીમાં કરેલા કર્મનું પરિણામ છે. મરણ કરતા સ્મરણ બળવાન છે. અમારા માટે આપનું સ્મરણ એક વરદાન છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.

લિ. સ્વ. રતુબેન રણછોડભાઈ પટેલ
ગં.સ્વ. સવિતાબેન રણજીતભાઈ પટેલ (મગદલ્લા) | સ્વ. રણજીતભાઈ કાનજીભાઈ પટેલ
ભાનુબેન અમરતભાઈ પટેલ (મગદલ્લા) | અમરતભાઈ વલ્લભભાઈ પટેલ
સુધાબેન હરિશભાઈ પટેલ (પીપલોદ) | હરિશભાઈ નગીનભાઈ પટેલ
તારાબેન હરિશભાઈ પટેલ (ભરથાણા) | હરિશભાઈ નગીનભાઈ પટેલ
દેવિલાબેન ગીરીશભાઈ પટેલ (ખજોદ) | ગીરીશભાઈ પરસોત્તમભાઈ પટેલ
સ્વ. હેમલતાબેન રણછોડભાઈ પટેલ
સારિકા, આશિષ, હેમાલી, સંદિપ ભુમિકા, વિરલ, ફાલ્ગુની, દેવુ, વિધા, દર્શન, મમતા, અલ્કા, અમિષા, કિરણ, અંકિત
સરનામું : A-43, પરસોત્તમ નગર સોસાયટી, અલથાણ ગાર્ડનની પાછળ, અલથાણ, સુરત.